Extra No. 17

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]     MONDAY, JANUARY 12, 2026 / PAUSHA 22, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તારીખઃ ૧લી ઓગસ્ટ, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૪૧/૨૦૨૪/ઈડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૩/૨૦૨૪/૦૪૮૨/જી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Teachers of Registered Private Secondary and Higher Secondary Schools (Procedure for Selection) Rules, 2024**

**રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૨૪ સંબંધી જાહેરનામું**

**શિક્ષણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૨૦૨૪

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨.**

**ક્રમાંક: જીએચ/એસએચ/૪૧/૨૦૨૪/ઈડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૩/૨૦૨૪/૦૪૮૨/જી:-** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩૫ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની પસંદગી કરવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.-

(૧) આ નિયમો રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો -

(ક) ‘‘સરકાર’’ એટલે ગુજરાત સરકાર;

(ખ) ‘‘જૂનો શિક્ષક’’ એટલે રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની સેવામાં અગાઉથી જ હોય અને શિક્ષક તરીકે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોય તેવો નિયમિત શિક્ષક;

(ગ) ‘‘રજિસ્ટર થયેલી ખાનગી શાળાઓ’’ એટલે સરકાર પાસેથી સહાયક અનુદાન મેળવતી બિન-સરકારી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ;

(ઘ) ‘‘પસંદગી સમિતિ’’ એટલે નિયમ ૩ હેઠળ રચાયેલી સમિતિ;

(ચ) ‘‘શિક્ષક અભિયોગ્યતા કસોટી-(TAT)’’ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા દ્વિ-સ્તરીય પરીક્ષાના ઢાંચા (ફોર્મેટ) સાથે યોજવામાં આવતી શિક્ષક અભિયોગ્યતા કસોટી.

૩. પસંદગી સમિતિની રચના.-

(૧) ‘‘ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક કર્મચારીવર્ગ ભરતી માટેની પસંદગી સમિતિ’’ તરીકે ઓળખાતી એક પસંદગી સમિતિની રચના કરવામાં આવશે;

(૨) પસંદગી સમિતિ, નીચે પ્રમાણેના સભ્યોની બનશે:-

**કોષ્ટક**

| અનુક્રમાંક | અધિકારી | સમિતિમાં હોદ્દા |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | શાળા કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | હોદ્દાની રૂએ, અધ્યક્ષ; |
| ૨ | અધિક સચિવ/ સંયુક્ત સચિવ/ નાયબ સચિવ (માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | સભ્ય |

| અનુક્રમાંક | અધિકારી | સમિતિમાં હોદ્દા |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૩ | સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. | સભ્ય |
| ૪ | સરકારે નામનિયુક્ત કરેલા, બે નામાંકિત શિક્ષણશાસ્ત્રીઓ. | સભ્ય |
| ૫ | સરકારે નામનિયુક્ત કરેલા, શાળા સંચાલનના માન્ય એસોસિએશનનો પ્રતિનિધિ | સભ્ય |
| ૬ | સંયુક્ત શાળા નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્ય-સચિવ |

૪. શિક્ષકોની પસંદગી કરવા બાબત.-

પસંદગી સમિતિએ, રજિસ્ટર થયેલી ખાનગી શાળાઓમાં શિક્ષકોની જગાઓ પર નિમણૂક આપવા માટે, આ નિયમોની જોગવાઈઓ અનુસાર તે તરીકે નિમણૂક મેળવવા લાયક હોય તેવી વ્યક્તિઓમાંથી પસંદગી કરવી જોઈશે.

૫. પસંદગી સમિતિની ફરજો અને કાર્યો.-

(૧) પસંદગી સમિતિએ,-

(ક) જે જગા માટે ભરતી કરવાની હોય તેવી શિક્ષકોની જગાઓની સંખ્યા, જિલ્લા શિક્ષણાધિકારીઓ પાસેથી સુનિશ્ચિત કરવી જોઇશે. તેમ છતાં, જિલ્લા શિક્ષણાધિકારીઓએ, શિક્ષકોની ખાલી જગા ભરવા માટેનું માંગ-પત્રક, પસંદગી સમિતિને મોકલવું અનિવાર્ય રહેશે;

(ખ) રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા ગુજરાતી અથવા અંગ્રેજી સમાચારપત્રોમાં જાહેરાત આપીને અરજીઓ મંગાવવી જોઇશે;

(ગ) ભરતીની પ્રક્રિયા સંબંધિત સૂચનો ઠરાવવા જોઈશે;

(ઘ) મળેલી અરજીઓની ચકાસણી કરવી જોઇશે;

(ચ) સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીને અને સંબંધિત શાળાઓના સંચાલક મંડળને નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારોના નામોની ભલામણ કરવી જોઈશે;

(છ) ભલામણોના રેકર્ડ્સ નિભાવવા જોઇશે;

(જ) શિક્ષણ વિભાગમાં તેના દ્વારા હાથ ધરાયેલી પ્રવૃત્તિઓના વાર્ષિક અહેવાલો સરકારને રજૂ કરવા જોઇશે;

(ઝ) સરકાર દ્વારા વખતોવખત સોંપવામાં આવે તેવા બીજા કાર્યો માટે પસંદગી સમિતિ જવાબદાર રહેશે.

૬. પસંદગી સમિતિનું મુખ્ય મથક.-

સમિતિનું મુખ્ય મથક, ગાંધીનગર ખાતે રહેશે.

૭. નિમણૂક માટેની લાયકાત.-

શિક્ષક તરીકેની નિમણૂક માટે લાયક બનવા માટે ઉમેદવાર,-

(ક) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ની જોગવાઈઓ અનુસારની જરૂરી શૈક્ષણિક લાયકાતો અને વય ધરાવતો હોવો જોઈશે; અને

(ખ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે નબળા વર્ગોના અને સ્ત્રી (મહિલા) ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

૮. માંગ-પત્રકો તૈયાર કરવા બાબત.-

(૧) માધ્યમિક શાળા અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યએ, નવી ઊભી કરવામાં આવેલી જગાઓ અને નિવૃત્તિ, રાજીનામું-વગેરેના કારણસર આગામી શૈક્ષણિક વર્ષમાં ખાલી પડવાનો સંભવ હોય તેવી જગાઓ સહિતના અન્ય કોઈપણ કારણસર ખાલી પડતી જગાઓની કુલ સંખ્યા દર્શાવતું માંગ-પત્રક, વર્ષમાં બે વાર, ૧૫ મી જૂન અને ૧૫ મી નવેમ્બર પહેલાં, જિલ્લા શિક્ષણાધિકારીને મોકલવું જોઇશે. ખાલી જગાઓની સંખ્યા ગણતી વખતે, જૂના શિક્ષકો અને શિક્ષણ સહાયકનો ૧:૩નો ગુણોત્તર ધ્યાને લેવો જોઈશે.

(૨) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગો અને સ્ત્રી અને શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો માટે અનામત રાખવાની જગાઓની સંખ્યાની ગણતરી, સરકારના હુકમો અનુસાર કરવામાં આવશે.

૯. શિક્ષક અભિયોગ્યતા કસોટી (TAT)માં મેળવેલા ગુણની માન્યતાની મુદત બાબત.-

શિક્ષક અભિયોગ્યતા કસોટી (TAT)માં સંબંધિત ઉમેદવારે મેળવેલા ગુણ, આગામી શિક્ષક અભિયોગ્યતા કસોટી (TAT)ના પરિણામની જાહેરાત સુધી માન્ય રહેશે.

૧૦. શિક્ષકની જગા માટેની અરજી કરવા બાબત.-

(૧) શિક્ષક અભિયોગ્યતા કસોટી (TAT)ની મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦% ગુણ મેળવેલા હોય તેવા ઉમેદવાર, શિક્ષકની જગા માટે અરજી કરવાને પાત્ર ગણાશે.

(૨) શિક્ષકની જગા માટે અરજી કરવા ઇચ્છતા ઉમેદવારે, પસંદગી સમિતિને, જાહેરાતમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા નમૂનામાં, તેટલી ફી સાથે અને તેટલી સમયમર્યાદામાં અરજી રજૂ કરવી જોઇશે.

(૩) એકવાર ચૂકવેલી ફી, પરત કરવામાં આવશે નહિ અથવા આગામી પરીક્ષાઓ માટે મોકૂફ રાખવામાં આવશે નહિ.

(૪) અરજી પત્રક પાછું ખેંચી લેવા માટેની અને ફી પરત કરવા માટેની વિનંતી, કોઇ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૧૧. અરજીઓની ચકાસણી કરવા બાબત.-

પસંદગી સમિતિએ, અરજીઓની ચકાસણી કરવી જોઇશે અને આવી ચકાસણી માટે પસંદગી સમિતિ પોતે યોગ્ય ગણે તેવી કાર્યરીતિ અપનાવી શકશે.

૧૨. પસંદગી યાદી તૈયાર કરવા બાબત.-

(૧) પસંદગી સમિતિએ, સંબંધિત ઉમેદવારે શિક્ષક અભિયોગ્યતા કસોટી (TAT)ની મુખ્ય પરીક્ષામાં મેળવેલા ગુણના આધારે, વિષયવાર યાદી તૈયાર કરવી જોઇશે.

(૨) પસંદગી સમિતિએ, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત આદિજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આર્થિક રીતે નબળા વર્ગો (EWS), સ્ત્રીઓ અને શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો માટે અનામત રાખેલી ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં, આવા વર્ગના સફળ ઉમેદવારોની અલગ યાદી તૈયાર કરવી જોઇશે:

પરંતુ અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત આદિજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આર્થિક રીતે નબળા વર્ગો (EWS), સ્ત્રીઓ અને શારિરીક ખોડખાંપણવાળા ઉમેદવારો અથવા યથાપ્રસંગ, વિચરતી આદિજાતિ અને વિમુક્ત આદિજાતિના જરૂરી સંખ્યામાં ઉમેદવારો, સામાન્ય વર્ગ માટે નક્કી કરેલા કુલ લાયકી ગુણના આધારે પાત્ર ન ઠરે, ત્યારે પસંદગી સમિતિ, આ અનામત જગામાં પડેલી ઘટ પૂરવા માટે, કુલ લાયકી ગુણનું ધોરણ હળવું કરી શકશે.

(૩) પસંદગી સમિતિએ, પેટા-નિયમો (૧) અને (૨) હેઠળ તૈયાર કરેલી સફળ ઉમેદવારોની યાદીના વીસ ટકા (૨૦%) જેટલી સંખ્યામાં ઉમેદવારોના નામ દર્શાવતી પ્રતિક્ષા યાદી તૈયાર કરવી જોઇશે. પ્રતિક્ષા યાદી, વિષયવાર અને વર્ગવાર પણ તૈયાર કરવી જોઇશે.

(૪) પેટા-નિયમ (૩)માં ઉલ્લેખેલી પ્રતિક્ષા યાદીઓ, પસંદગી યાદીની પ્રસિદ્ધિની તારીખથી બે વર્ષની મુદત સુધી અથવા આગામી પરીક્ષાની પ્રસિદ્ધિની તારીખ સુધી, એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૫) પ્રતિક્ષા યાદીનો નીચેના સંજોગોમાં અમલ કરી શકાશે:-

(૧) પસંદગી પામેલા ઉમેદવારના ઠરાવેલી સમયમર્યાદામાં હાજર ન થવાના કારણે, માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષકની જગા ન ભરાય તો.

(૨) પસંદગી પામેલો ઉમેદવાર, કોઇપણ કારણોસર નિમણૂક માટે ગેરલાયક ઠર્યો હોય.

૧૩. લાયક ઉમેદવારોની પસંદગી યાદી:-

(૧) પસંદગી સમિતિએ, નીચે પ્રમાણેના ત્રણ ભાગોમાં પસંદગી યાદી તૈયાર કરવી જોઇશે:-

ભાગ-૧: લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી યાદી, તેમના નામ, અરજી ક્રમાંકો અને તે ઉમેદવારોએ મેળવેલ ગુણ નિર્દિષ્ટ કરતા ગુણવત્તાક્રમ અનુસાર ગોઠવવી જોઇશે,

ભાગ-૨: નિયમ ૧૨-ના પેટા-નિયમ (૩)ની જોગવાઇઓ અનુસાર (લાયકાત ધરાવતા ઉમેદવારોના) નામ, અરજી ક્રમાંકો અને તે ઉમેદવારોએ મેળવેલ ગુણ નિર્દિષ્ટ કરતા ગુણવત્તાક્રમ અનુસાર પ્રતીક્ષા યાદી;

ભાગ-૩: ભાગ-૧ અને ભાગ ૨-માં સમાવિષ્ટ કરેલા ન હોય તેવા અસફળ ઉમેદવારોના નામ, અરજી ક્રમાંક અને તે ઉમેદવારોએ મેળવેલ ગુણ નિર્દિષ્ટ કરતી યાદી.

(૨) પસંદગી સમિતિએ, પરિણામનો દરેક ભાગ, વેબસાઇટ પર પ્રદર્શિત કરવો જોઈશે.

(૩) પસંદગી સમિતિએ પોતે નક્કી કરેલી રીતે, લાયકાત ધરાવતા ઉમેદવારોને પરિણામની જાણ, વ્યક્તિગત રીતે કરવી જોઈશે. પસંદગી સમિતિએ, પરિણામની જાણ કર્યા પછી, કોઇ ઉમેદવાર સાથે આ સંબંધમાં વધુ કોઇ પત્રવ્યવહાર કરવો જોઇશે નહિ.

૧૪. ઉમેદવારની નિમણૂક કરવા બાબત:-

(૧) પસંદગી સમિતિએ, શૈક્ષણિક લાયકાતોના પ્રમાણપત્રો, જન્મ તારીખ, જાતિ પ્રમાણપત્ર અને જરૂરી હોય તેવા અન્ય દસ્તાવેજો-ની ખરાઇ કરવા માટે, પસંદગી પામેલા ઉમેદવારોને બોલાવવા જોઇશે. પ્રમાણપત્રોની ખરાઇ, પસંદગી યાદી જાહેર કર્યાની તારીખથી બે મહિનાની અંદર પૂર્ણ કરવી જોઇશે.

(૨) પસંદગી સમિતિએ, પસંદગી પામેલા ઉમેદવારને, ખાલી જગાઓની યાદી મોકલવી જોઇશે અને આવા ઉમેદવાર પાસેથી વિકલ્પો મંગાવવા જોઇશે. પસંદગી સમિતિએ, પસંદગી પામેલા ઉમેદવારને, તેના વિકલ્પો અને ગુણવત્તા યાદીમાં તેનું સ્થાન ધ્યાનમાં રાખીને, આ હેતુ માટે આયોજિત મુકામે (કેમ્પ ખાતે) નિમણૂકનું સ્થળ ફાળવવું જોઇશે.

(૩) પસંદગી પામેલા ઉમેદવાર, પ્રમાણપત્રોની ખરાઇ કરાવવા માટે અથવા સ્થળ-નિમણૂકના હેતુ માટે આયોજિત મુકામે (કેમ્પ ખાતે) નિર્દિષ્ટ કરેલી તારીખે અને સમયે ઉપસ્થિત રહેવામાં ચૂક કરે, તો તે, પસંદગીને પાત્ર થશે નહિ અને તેનું નામ, પસંદગી યાદીમાંથી કમી કરવામાં આવશે. પસંદગી સમિતિએ, આ સંબંધમાં વધુ કોઇ પત્રવ્યવહાર કરવો જોઇશે નહિ.

(૪) પસંદગી પામેલા ઉમેદવારની સ્થળ-નિમણૂક માટેનો ફાળવણી પત્ર, પસંદગી સમિતિ દ્વારા આયોજિત મુકામે જ આપવો જોઇશે અને તેની એક નકલ, સંબંધિત ઉમેદવારની નિમણૂક માટે, સંબંધિત રજિસ્ટર થયેલી ખાનગી શાળાને મોકલવો જોઇશે અને એક નકલ, દેખરેખ માટે અને ફાળવણી પત્રના અમલ માટેની યોગ્ય કાર્યવાહી માટે, સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીને પણ મોકલવી જોઇશે.

(૫) સંબંધિત રજિસ્ટર થયેલી ખાનગી શાળાએ, પસંદગી સમિતિ તરફથી ફાળવણી પત્ર મળ્યાની તારીખથી સાત દિવસની અંદર નિમણૂક પત્ર આપવો જોઇશે.

(૬) પસંદગી પામેલા ઉમેદવારે, નિમણૂક પત્ર મળ્યાની તારીખથી સાત દિવસની અંદર સંબંધિત શાળામાં જોડાવવું જરૂરી રહેશે.

(૭) રજિસ્ટર થયેલી ખાનગી શાળાના સંબંધિત સંચાલક બોર્ડે અને રજિસ્ટર થયેલી ખાનગી શાળાના આચાર્યએ અને સંબંધિત ઉમેદવારે, આવો ઉમેદવાર ફરજ પર જોડાય પછી, પસંદગી સમિતિ અને સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી-ને જાણ કરવી જોઇશે.

(૮) જો રજિસ્ટર થયેલી ખાનગી શાળાનું સંબંધિત સંચાલક બોર્ડ, પસંદગી પામેલા ઉમેદવારને ઠરાવેલા સમયની અંદર ફરજ પર ફરી હાજર થવાની પરવાનગી ન આપે, તો પસંદગી સમિતિને, આવા ઉમેદવારની નિમણૂક અંગે જરૂરી નિર્ણય લેવાની સત્તા રહેશે અને પસંદગી સમિતિએ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને, આવી શાળાનું રજિસ્ટ્રેશન (નોંધણી) રદ કરવાની ભલામણ કરવી જોઇશે.

૧૫. પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.-

ઉમેદવાર તમામ બાબતોમાં પાત્રતા ધરાવે છે અને તેણે તમામ જરૂરિયાતોનું પાલન કર્યું છે; તે બાબતોની પસંદગી સમિતિને ખાતરી થાય તે સિવાય, ઉમેદવારની અરજી, જગા માટે ધ્યાનમાં લેવામાં આવશે નહિ અને ઉમેદવારની પાત્રતા અંગે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

૧૬. નિમણૂક અંગેનો કોઈપણ હક મળશે નહિ.-

ઉમેદવારને પસંદગી યાદીમાં તેનો માત્ર સમાવેશ થવાથી જ નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ અને પસંદગી સમિતિને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, એવી ખાતરી થાય કે તે જગા પર નિમણૂક માટે ઉમેદવાર તમામ રીતે યોગ્ય છે તે સિવાય, કોઈપણ ઉમેદવારની શિક્ષકની જગા પર નિમણૂક કરવામાં આવશે નહિ.

૧૭. ખર્ચ અને બેંક એકાઉન્ટ (ખાતું).-

(૧) પસંદગી સમિતિએ, કોઇ રાષ્ટ્રીયકૃત બેંકમાં એક વ્યક્તિગત લેજર એકાઉન્ટ (ખાતું) ખોલાવવું જોઇશે.

(૨) પસંદગી સમિતિના અધ્યક્ષ પાસે આ નિયમો હેઠળના કાર્યો પૂર્ણ કરવાના હેતુ માટે ખર્ચ કરવાની સત્તા રહેશે.

(૩) ઉમેદવારોની પસંદગી માટેનો કુલ ખર્ચ, અરજી ફીના માધ્યમથી મળેલી રકમ કરતાં વધી જાય, તો ખર્ચની આવી વધારાની રકમ, સરકાર દ્વારા ચૂકવવામાં આવશે.

૧૮. એકાધિક લગ્નના કારણે નિમણૂક માટેની ગેરલાયકાત:-

(૧) (૧) જે વ્યક્તિના પતિ/પત્ની હયાત હોય તેવી વ્યક્તિ સાથે જેણે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય;

(૨) જે ઉમેદવારના પતિ/પત્ની હયાત હોય તેવા કોઈ ઉમેદવારે, અન્ય વ્યક્તિ સાથે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય;

- તેવો કોઈપણ વ્યક્તિ, સદરહુ જગા પર નિમણૂક માટે પાત્ર થશે નહિ:

પરંતુ સરકારને, એવી ખાતરી થાય કે આવા લગ્ન, આવી વ્યક્તિ અને તેની સાથે લગ્ન કરનાર અન્ય પક્ષકારને લાગુ પડતા વ્યક્તિગત કાયદા હેઠળ પરવાનગીપાત્ર છે અને તેમ કરવા માટેના બીજા ખાસ કારણો છે, તો તે, આ નિયમના અમલમાંથી કોઇ વ્યક્તિને મુક્તિ આપી શકશે.

(૨) ઉમેદવારે, તે અથવા યથાપ્રસંગ, તેણી, પરીણિત છે કે કેમ અને પુરુષ ઉમેદવારના કિસ્સામાં, તેને એક કરતાં વધુ હયાત પત્ની છે કે કેમ અને સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં જેને બીજી પત્ની હયાત હોય તેવા પુરુષ સાથે, તેણીએ લગ્ન કર્યા છે કે કેમ તે અરજીના નમૂનામાં જાહેર કરવું જોઇશે.

૧૯. શિસ્તવિષયક પગલાં.-

જે ઉમેદવાર,-

(ક) કોઈ સાધનો દ્વારા પોતાની ઉમેદવારી માટે ટેકો મેળવવા માટે; અથવા

(ખ) ખોટું વ્યક્તિત્વ ધારણ કરવા માટે; અથવા

(ગ) કોઈ વ્યક્તિને ખોટું વ્યક્તિત્વ ધારણ કરાવવા માટે; અથવા

(ઘ) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજૂ કરવા માટે; અથવા

(ચ) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદન કરવા માટે; અથવા

(છ) તેની પસંદગી માટેની પોતાની ઉમેદવારીના સંબંધમાં બીજા કોઇ નિયમ વિરુદ્ધના (અનિયમિત) અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે; અથવા

(જ) પસંદગીની પ્રક્રિયા દરમિયાન બીજી કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે; અથવા

(ઝ) પસંદગી સમિતિએ કામે રાખેલ (રોકેલા) કર્મચારીવર્ગ (સ્ટાફ)ને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુકસાન કરવા માટે; અથવા

(ટ) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, તે કૃત્યમાં મદદગારી કરવા માટે,

-દોષિત ઠર્યો હોય અથવા પસંદગી સમિતિએ દોષિત હોવાનું જાહેર કર્યું હોય તે, પાંચ વર્ષ સુધીની મુદત માટે નિમણૂક માટે ગેરલાયક ઠરાવવાને પાત્ર થશે.

૨૦. અજમાયશ.-

સંબંધિત જગા પર નિમણૂક પામેલા પસંદગી પામેલા ઉમેદવારે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ના નિયમ ૨૨-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અજમાયશ પર રહેવું જોઇશે.

૨૧. તબીબી પરીક્ષણ.-

નિમણૂક માટે પસંદગી પામેલા ઉમેદવારે, ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ના નિયમ ૨૧માં જોગવાઇ કર્યા પ્રમાણે, યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવું જોઇશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**હિતેશ ગોહિલ,**

સરકારના નાયબ સચિવ.

--------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.29 15:55:26 IST